# 18. ભૂખથીય ભૂંડી ભીખ

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની નિશાની કરો:

1) "કેમ ભાઈ, પટેલ, તું આ પેટિયું નથી લેતો?" આ વાક્ય કોણ કોને ઉદ્દેશીને કહે છે?

(A) શેઠ કાળુને કહે છે.

(B) સિપાઈ કાળુને કહે છે.

(C) રાજુ કાળુને કહે છે.

(D) કાળુ રાજુને કહે છે.

2) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત...

(A) કીર્તિની ભૂખ છે.

(B) માનવીની જરૂરિયાત છે.

(C) માનવીની ઇર્ષ્યા છે.

(D) સ્વમાન ગુમાવી ભીખ માટે હાથ લંબાવવો તે છે.

2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી?

- દુકાળના વખતમાં લોકોને ડેગડિયાના મહારાજે મદદ કરી.

2) કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે?

- કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત ભીખને કહે છે.

3) સદાવ્રતમાં અનાજ લેવા કોણ કોણ ઊભા હતા?

- સદાવ્રતમાં અનાજ લેવા પટેલ, બ્રાહ્મણ, વાણિયા, ઠાકોરો, ઘાંચી, સિપાઈ, ખેડૂતો અને દરિદ્રનારાયણો આ બધાંનાં સ્ત્રી-પુરુષો ઊભા હતા.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થાય છે?

- કાળુ સદાવ્રતનું અનાજ લેતાં અચકાતો હતો. સુંદરજી શેઠે આ જોયું, એટલે તેને બોલાવીને કહ્યું કે કુદરત આગળ આપણે સૌ લાચાર છીએ. તને એમ લાગતું હોય કે આ ધર્માદાનું છે, તને હાથ ધરતાં કરતાં સંકોચ થતો હોય, તો કાલથી તું સદાવ્રતના આ ઓટલા પર આવીને ઝાડુ મારી જજે અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા માગીને અહીં પાથરી દેજે. પછી તને એમ નહિ થાય કે તું ધર્માદાનું મફતનું ખાય છે." આ સાંભળીને કાળુને પોતાના વિચાર બાલિશ લાગ્યા અને સુંદરજી શેઠની વાત સાચી લાગી. તેથી અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા તૈયાર થાય છે.

### 2) "બાવાનાં બેય બગડ્યાં" એમ કાળુ શા માટે કહે છે?

- સદાવ્રતમાંથી ધાન લેતાં ખચકાતાં કાળુને સુંદરજી શેઠે તમારું ધાન જ તમને આપીએ છીએ. એમાં ધર્માદા જેવું કંઈ જ નથી. સુંદરજી શેઠના આ સૂચનથી કાળુએ સદાવ્રતમાંથી મળેલ દોઢ પાશેર ખીચડી પોતાના ફાટેલા ધોતિયાના છેડે બાંધી, પરંતુ ત્યાંથી રવાના થતાં તેને હસવું આવ્યું. તેને થયું કે આમ કરવાથી ક્યારેય કોઈની પાસે કંઈ માગવું નહિ એ ટેક પાળી ન શકાઈ અને ભીખ માગવી પડી. આ તો જીવ ખોવા જેવું થયું, સ્વમાન ખોવા જેવું થયું. તેથી કાળુ કહે છે કે "બાવાનાં બેય બગડ્યાં".

### 3) સુંદરજી શેઠ વિશે પાંચ વાક્યો લખો.

- ડેગડિયા ગામના સુંદરજી શેઠ અન્ય મહાજનોની સાથે ઊંચા ઓટલાવાળા મંદિરની પરસાળમાં બેઠા હતા. તેઓ સફેદ ધોતિયું ને અંગરખું તથા માથે સોનેરી તલાવાળી પાઘડી અને ગળે દુપટ્ટો વગેરે પોશાકમાં શોભતા હતા. કાળુ ધર્માદાનું ધાન લેવા તૈયાર નથી. એ તેમણે જાણ્યું ત્યારે તેને બોલાવીને એક ઉપાય સૂચવ્યો. ઓટલા પર ઝાડુ મારીને સાફ કરી નાખવું અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા માગીને અહીં પાથરીને દેવા. તેમનું આ સૂચન કાળુને સ્પર્શી ગયું. "તમારું છે ને તમને આપીએ છીએ. એમાં ધર્માદા જેવું કંઈ જ નથી. એટલે તારા જેવા બીજા હોય તો એમનેય સમજાવજે." આ વાક્યો સુંદરજીની મોટાઈ અને તેમની ઉદારતા દર્શાવે છે.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાના આધારે કાળુનું પાત્રલેખન કરો.

- 'ભૂખથીય ભૂંડી ભીખ' નવલકથાખંડનાં મુખ્ય બે પાત્રો કાળુ અને અને તેની પત્ની રાજુ છે. જાતિએ ખેડૂત કાળુ માટે દુકાળની પરિસ્થિતિ હૃદયદ્રાવક અને અસહ્ય છે. એ સ્વમાની અને ટેકીલો જીવ

છે. પોતાની જિંદગીમાં એણે કોઈની આગળ હાથ લંબાવ્યો નથી, પણ આ દુકાળને લીધે ભૂખ્યા રહેવાથી આંખો ઊંડી ઊતરી ગઈ છે. આ પરિસ્થિતિમાં ડેગડિયાના મહાજને પોતાના કોઠારમાંથી ગામના સૌને ધાન આપવાનું શરૂ કર્યું, પણ કાળુને એ ધાન લેવું પસંદ નથી. રાજુના સમજાવ્યા છતાં કાળુ પર એની કોઈ અસર થતી નથી. "દોઢ પાશેર ખીચડી માટે હાથ લંબાવવાનો! ધિક્કાર છે આ અવતારને! ધિક્કાર છે આ જીવવુંય!" સ્વમાની કાળુને સુંદરજી શેઠ એક ઉપાય સૂચવે છે. ઓટલા પર ઝાડુ ફેરવી જગ્યા સાફ કરી નાખવી અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા મગીને અહીં પાથરી દેવા, જેથી મફતનું અનાજ લીધું નથી એટલો સંતોષ રહે. એણે દોઢ પાશેર ખીચડી પોતાના ધોતિયાના છેડે લીધી તો ખરી, પણ એને થયું આ તો બાવાનાં બેય બગડ્યાં જેવો ખેલ થયો. ટેક પણ ન રહી અને મરવા જેવું થયું. એને સતત લાગે છે કે એમનું નસીબ જ કાણું છે ને ખોબોય કાણો છે. આટલા નાના ખોબામાં પેટ ભરાય એટલું અનાજ થોડું ભરાવાનું? એના પર એટલી માનસિક અસર થઈ હતી કે એ આખો દિવસ લવારો કર્યા કરે છે. એને જાણે ચિત્તભ્રમ થઈ ગયો હતો. એણે સાચું જ કહ્યું હતું કે "ભૂખ ભૂંડી નથી, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે!" લેખકે અંતમાં ભલભલાના હૃદયને કંપાવી મૂકે તેવી કાળુની મન:સ્થિતિ વ્યક્ત કરતાં સાચું જ કહ્યું છે: "નથી વેઠાતાં રામ! ભૂખોય નથી વેઠાતી ને આ ભીખોય! માટે ઝીંકવા જ માંડ! પણ મકાનનો ઓટલો ચડતાં ખુદ કાળુ જ ઝીંકાઈ પડ્યો. પછી એ તો ગરમ વિચારોને લીધે, ભૂખનો માર્યો કે ગમે રે કારણે હોય."

## 2) 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાના આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં આલેખો.

- બાર-બાર માસથી વરસાદ વરસ્યો નથી, પરંતુ ગામના લોકોને આશા હતી કે જેઠ મહિનાના પાછલા પંદર દિવસમાં તો વરસાદ જરૂર વરસશે, પણ મેઘરાજા જાણે રૂઠ્યા હતા. અષાઢનાં આકાશ ચોખ્ખાં –ચટ હતાં, દૂર દૂરની ક્ષિતિજો સુધી વાદળાનું નામનિશાન ન હતું. અનાજના અભાવે ધરતી પર ચારે બાજુ વનમાં, ખેતરોમાં, બજારમાં, શેરીઓમાં જ્યાં જુઓ ત્યાં માનવીનાં હાડપિંજર સમાં મૃતદેહો પડ્યા હતા. તેમના સ્વજનોની આંખોમાં સ્વજન ગુમાવ્યાની ભીનાશ હતી, પણ મોટો પ્રશ્ન એ હતો કે આટલાં બધાં શબને દાટવાં ક્યાં? બાળવાં ક્યાં? ભૂખે માનવીઓનાં હાડમાંસ ગાળી નાખ્યાં હતાં. ડેગડિયાના મહાજને કોઠારમાંથી સૌને અનાજ આપવાનું શરૂ કર્યું, પણ દરેકને ભાગે આવતી દોઢ પાશેર ખીચડીથી પેટ ક્યાંથી ભરાય? તેમ છતાં ભૂખથી પીડાતાં તમામ જાતિનાં લોકો જે કાંઈ મળે તે લેવા કતારમાં ઊભા હતાં. અર્ધનગ્ન હાડપિંજર થઈ ગયેલા આ માણસોની સ્થિતિ દયાજનક હતી. તેમની પાસે પહેરવા પૂરતાં કપડાં નહોતાં. દુકાળે લોકોને બેહાલ કરી મૂક્યા હતા. આ દયનીય પરિસ્થિતિ જોઈને કાળુએ કહ્યું કે "ભૂંડામાં ભૂંડી ભૂખ નહિ, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે." કાળુનું આ વિધાન તે સમયના દુકાળની ભયાનક પરિસ્થિતિનો કરુણ ચિતાર આપે છે.

## 3) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં આલેખો.

- દુકાળની ભીષણતાથી ગામનાં સૌ દુઃખી અને પરેશાન હતાં, પણ કાળુની પત્ની રાજુની મનોવ્યથામાં કરુણા અને લાચારી વિશેષ હતી. એક તરફ સ્વમાની અને ટેકીલા કાળુને સમજાવવાનો તો બીજી તરફ ગમે કે ન ગમે, પણ ભીખ માંગવા જવાનું. એણે તો વાસ્તવિકતા સ્વીકારી લીધી હતી, પણ "આ પરિસ્થિતિમાં ભીખ માગવામાં શરમ શેની?" એ કાળને સમજાવવું તેને માટે મુશ્કેલ હતું. એ માટે તે કાળુ પાસે કરગરે છે. પોતાને કારણે કાળુ ભૂખે મરી જાય એ એનાથી જીરવાતું નથી, આથી "મનેય તમારે ભૂખે મારી નાખવી છે?" એમ કહીને કાળુને પોતાની સાથે આવવા મજબૂર કરે છે. રાજુ પણ જાણે છે કે દોઢ પાશેર ખીચડીથી કાંઈ વળવાનું નથી, એટલે "આજે હાથ ધરવા એક દોઢ પાશેર ખીચડી માટે? ધીક્ પડ્યો એ અવતાર ને ધીક્ પડ્યું એ જીવવુંય !" તથા 'આપણું કપાળેય કાણું છે ને આ ખોબોય કાણો નીકળ્યો." કાળુનો આ બબડાટ રાજુથી સહન થતો નથી, છતાં તે ચિડાઈને કાળુને ઠપકો આપતાં કહે છે: "ડાકણ ભૂખ નથી, પણ ડાકણ ચિંતા છે. માનવીનાં કાળજાને ખોતરી ખાય છે." કાળુના આ શબ્દો: "આપણા ગુમાન અને આતમાનેય ઓગાળી નાખે છે, પાણી કરી દે છે." રાજુને બેચેન કરી મૂકે છે. કાળુને ધમકાવી, તેનું બાવડું ઝાલીને હડસેલતી 'છાનામાના ઘરે હેંડો' એમ કહેતી રાજુનો અવાજ ઢીલો પડી જાય છે. આમ, એક તરફ ભૂખની પીડા અને બીજી તરફ આ હાલતમાં કાળુને સાચવવાની ચિંતાથી ઘેરાયેલી રાજુની આ મનોવ્યથા ખરેખર હૃદયને વીંધી નાખે છે.